# સુરત મહાનગરપાલિકા

પ્રેસનોટ (COVID-19)

**તા.૧૩/૦૪/૨૦૨૧**

સુરત શહેરમાં કોરોના વાયરસના સંક્રમણે સમગ્ર શહેરને ગંભીર રીતે બાનમાં લીધું છે અને કોરોના વાયરસના કેસો બુલેટ ગતિએ દિન–પ્રતિદિન વધી રહયા છે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. સુરત મહાનગરપાલિકા પ્રશાસન કોવિડ–૧૯ને નિયંત્રિત કરવા માટે દિન–રાત સખત પ્રયાસ કરી રહી છે. તે છતાં કોરોના વાયરસની સાંકળ તે જ ગતિએ વધી રહી છે. શહેરીજનોને આવી ગંભીર પરિસ્થિતિમાં વારંવાર અપીલ કરવામાં આવી છે, વિવિધ પ્રકારના પ્રચાર–પ્રસારના માધ્યમ ધ્વારા જાગ્રૃત કરવામાં આવે છે તે છતાં પણ શહેરીજનો કોવિડ–૧૯ની ગાઈડલાઈનનું ચુસ્તપણે પાલન કરતા ન હોવાથી શહેરમાં કોરોનાના કેસો વધી રહયા છે.

કોરોના વાયરસનો આ નવો સ્ટ્રેઈન ખૂબ જ ચેપી અને પ્રાણઘાતક હોય જે લોકોને કોવિડના લક્ષણો જણાય તો તાકીદે તેઓ વિવિધ કોરોના ટેસ્ટીંગ સેન્ટર પર જઈ વિનામુલ્યે રેપિડ એન્ટીજન ટેસ્ટ કરાવે અને જો તેઓનો રેપિડ એન્ટીજન ટેસ્ટ નેગેટિવ આવે તો તે RTPCR ટેસ્ટ ફરજીયાત કરાવે અને રીપોર્ટ નેગેટીવ ન આવે ત્યા સુધી તેઓ ઘરની બહાર ન નીકળે તેવી શહેરીજનોને અપીલ કરવામાં આવે છે.

**જનસંપર્ક વિભાગ,**
**સુરત મહાનગરપાલિકા તરફથી સાદર,**
**સમાચાર યાદી નં.૯૮,**
**તા.૧૩/૦૪/૨૦૨૧**